**<u>પોકસો કેસ નંબર : ૪૦/૨૦૨૫</u>**

## <u>આંક–૨૬ ની આરોપી તર્ફેની અરજી નીચે હુકમ</u>

આરોપી તર્ફે વિ.વ.શ્રી એસ.આઈ.ધરીયાએ ઉપરોકત અરજી આંક–૮૭ની રજુ કરે છે અને તે મુજબ રજુઆત હોવાનું જણાવે છે અને ચાર્જના હુકમ સામે નામદાર હાઈકોર્ટમાં જવાનું હોવાનુ જણાવે છે અને તે માટે સમય આપવા વિનંતી કરે છે. વિ.એપીપીસુશ્રી એ સીન કર્યાનું જણાવે છે.

ઉપરોકત રજુઆત ધ્યાને લીધી, આ કામનું રેકર્ડ જોવામાં આવે તો આંક–૧ નીચેના તા.૨૧/૦૨/૨૦૨૬ ના રોજના વિગતવારના હુકમ મુજબ આંક–૨૧ થી ચાર્જફ્રેમ કરેલ અને આરોપીની જેલમાંથી વી.સી.માં પ્લી લીધેલ, જે આંક–૨૨ થી છે, જે જેલમાં આરોપીને વી.સી.માં પ્લી લીધા બાદ આંક–૨૨માં હુકમ કરીને જેલમાં આરોપીની સહી કરવા મોકલેલ તેમજ સાથે આરોપીને આપવા માટે આંક–૨૧ ના તહોમતનામાની નકલ મોકલેલ, પરંતુ આંક–૨૪ ના જેલરશ્રીના રીપોર્ટ મુજબ આરોપીએ પ્લીમાં સહી કરેલ નહી અને વકીલશ્રી સાથે વાત કરીને પ્લીમાં સહી કરવા માંગતા હોય અને તહોમતનામાની નકલ લીધેલ નહી જેથી પરત આવેલ, ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી.આંક–૨૫ થી અરજી આપીને ફરીથી જેલમાં પ્લીની સહી કરવા મોકલવા બાબતે વિનંતી કરેલ અને સાથે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં હુકમ પડકારવાનો હોય જેથી મુદતની વિનંતી કરેલ.

આરોપીના વિ.વ.શ્રી એ ઉપરોકત આંક–૨૬ થી મુદત અરજી પણ આપેલ છે, આ કામે આરોપી સામે ચાર્જફ્રેમ થયેલ હોય અને પોકસો એકટમાં કલમ ૩૫ માં ટાઈમ લીમીટ પણ આપેલ હોય અને નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી પોકસો એકટ નીચેના રેપના ગુનાના કેસો વહેલામાં વહેલા ચલાવવાની વહીવટી રીતે જનરલ સુચના હોય અને નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટના પત્ર નંબર : ઈન્સ.૦૯/૪૦૭/૨૦૨૫, તા.૨૩/૧૨/૨૦૨૫ નો ધ્યાને લેતા તેમા પણ રેપના ગુનાના કેસો અને પોકસોના કેસો ઝડપથી નિકાલ કરવા બાબત સુચના છે અને ક્રિમીનલ મેન્યુઅલના પેરા નંબર : ૯૨ ની સુચનાઓ

ઘ્યાને લેતા અને આ કામે યુ.ટી.પી. છે અને નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નંબર : ડી.૨૯૧૭/૨૦૨૩, તા.૧૬/૦૬/૨૦૨૩ નો તથા ડી.૨૯૧૭/૨૦૨૪, તા.૨૩/૦૫/૨૦૨૪ ની સુચનાઓ ઘ્યાને લેતા તથા સાથે તા.૨૧/૦૫/૨૦૨૪ નો નામદાર ગુજરાત હાઈકોર્ટના નામદાર ચીફ જસ્ટીસ સાહેબના હુકમની નકલ છે જે સરકયુલેટ કરવાનો પણ તેમાં જણાવ્યા પ્રમાણે હુકમ છે તેનું ડાયરેકશન પણ સાથે ઘ્યાને લઈ તેમાં કવાટરમાં કેસો ડીસ્પોઝ કરવા બાબતે જે જણાવેલ છે તેને પણ સાથે ઘ્યાને લેતા તેમજ ડી.૨૯૧૭/૨૦૨૪ ની તા.૨૩/૦૭/૨૦૨૪ના નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર છે તેમજ નં.ડી૨૯૧ ૭/૨૦૨૫ તા.૧૫/૦૭/૨૦૨૫ના પણ નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્રમાં જે ડાયરેકશન છે તેને ઘ્યાને લેવામાં આવે અને આ કેસ યુ.ટી.પી. હોય અને પોકસો કાયદા નીચેનો અને રેપનો હોય, વહેલામાં વહેલો ચાલ ે તે ઘ્યાને લઈ આ કામે આજરોજ કેલેન્ડરની તારીખો ભોગબનનાર માટે તા.૧૦/૦૩/૨૦૨૬ તથા અન્ય સાહેદો માટે તા.૨૪/૦૩/૨૦૨૬, તા.૦૧/૦૪/૨૦૨૬, તા.૦૪/૦૪/૨૦૨૬, તા.૦૭/૦૪/૨૦૨૬, તા.૧૦/૦૪/૨૦૨૬, તા.૧૩/૦૪/૨૦૨૬, તા.૧૬/૦૪/૨૦૨૬, તા.૨૦/૦૪/૨૦૨૬, તા.૨૨/૦૪/૨૦૨૬, તા.૨૩/૦૪/૨૦૨૬, તા.૨૪/૦૪/૨૦૨૬, તા.૨૫/૦૪/૨૦૨૬, તા.૨૯/૦૪/૨૦૨૬, તા.૦૪/૦૫/૨૦૨૬, તા.૦૭/૦૫/૨૦૨૬, તા.૧૧/૦૫/૨૦૨૬, તા.૧૪/૦૫/૨૦૨૬ અને તા.૧૮/૦૫/૨૦૨૬ નકકી કરવામાં આવેલ. આરોપી તર્ફે વિ.વ.શ્રી નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચાર્જનો હુકમ પડકારવાનો હોવાનું જણાવે છે અને તે માટે જવાનુ હોવાનું જણાવે છે. આરોપીને હુકમ ચેલેન્જ કરવાનો અધિકાર છે અને તે પડકારી શકે છે પરંતુ જે ઉપરોકત આંક–૨૬ ની અરજીમાં જે યેનકેન પ્રકારે ટારગેટ કરતા હોવાનું, હેરાન કરતા હોવાનું, રજુઆત કરવાની હોવાનું, મનસ્વી રીતે, એકપક્ષીય રીતે આવા જે કારણો લખેલ છે તે કારણો ખરા જણાતા નથી અને રેકર્ડ જોતા અને કાયદામાં જે ટાઈમલીમીટ આપેલ છે અને જે વહેલા ચલાવવાની

જનરલ સુચના છે તેને સાથે ધ્યાને લેતા તે રીતે પણ અરજીના કારણો વ્યાજબી કહી શકાય નહીં અને કામ વહેલું ન ચાલે તે માટે અરજીમાં ખોટા કારણો જણાવી ખોટા આક્ષેપો આરોપીના વિ.વકીલશ્રી ધ્વારા કરવામાં આવતા હોય તેવુ સ્પષ્ટ જણાય છે અને આરોપીના વિ.વકીલશ્રી શ્રી એસ.આઈ.ઘરીયા આવા આક્ષેપો કરે તે વિ.વકીલશ્રી માટે પણ યોગ્ય નથી અને આરોપી ઝુમ વી.સી.માં જેલમાંથી હાજર છે અને કામ યુ.ટી.પી. છે તે સાથે ધ્યાને લેવામાં આવે છે અને આરોપી ચાર્જનો હુકમ પડકારવા માંગતા હોય તો પડકારી શકે છે અને આરોપી પાસે પુરતો ટાઈમ પડકારવાનો જ છે છતાં પણ અંતિમ ન્યાયનો હેતુ ધ્યાને લેતા ઉપરોકત કેલેન્ડરની જે તારીખો છે તે પૈકી તા.૧૦/૦૩/૨૦૨૬ જે ભોગબનનાર માટે રાખેલ છે તે તારીખે ભોગબનનારને ન બોલાવતા આરોપીને તે મુદત જો તેમને હુકમ પડકારવો હોય તો તેમને તક મળે તે મુદત તા.૧૦/૦૩/૨૦૨૬ ની રાખવામાં આવે છે અને ભોગબનનારની મુદત તા.૧૭/૦૩/૨૦૨૬ની રાખવી ન્યાયી છે અને આ તબકકે આરોપીના વિ.વકીલશ્રી એસ.આઈ.ઘરીયા હાજર નથી પરંતુ આરોપીના વિ.વ.સુ.શ્રી.એન.આઈ.ઘરીયા હાજર છે અને આરોપીના વિ.વ.સુ.શ્રી. એન.આઈ.ઘરીયાને ભોગબનનારની તારીખ ૧૭/૦૩/૨૦૨૬ અનુકુળ છે કે કેમ તે તક આપવા પુછતા તે તા.૧૮/૦૩/૨૦૨૬ રાખવા વિનંતી કરે છે જેથી ભોગબનનારની પુરાવાની તા.૧૭/૦૩/૨૦૨૬ ને બદલે તા.૧૮/૦૩/૨૦૨૬ મુકરર રાખવામાં આવે છે. આરોપીના વિ.વ.સુ.શ્રી. એન.આઈ.ઘરીયા હાજર છે તેને કેલેન્ડરની બાકીની તારીખોમાં કોઈ અનુકુળતા ન હોય તો ફેરફાર કરવો હોય તે પુછતા તે જણાવે છે કે, ભોગબનનાર તેના માતા પિતા તે એક–એક સાક્ષી રાખવા અને બાકીના ત્રણ–ત્રણ સાક્ષીઓ એક દિવસમાં રાખવા વિનંતી કરે છે અને વિ.વ.સુ.શ્રી. એન.આઈ.ઘરીયા બુધવાર, શુક્રવાર અને શનિવાર રાખવા વિનંતી કરે છે અને બે તારીખો વચ્ચે વધારે ગેપ રાખવા વિનંતી કરે છે આ રજુઆતને ધ્યાને લેતા ન્યાયના હિતમાં ભોગબનનારની મુદત

તા.૧૮/૦૩/૨૦૨૬ની રાખવામાં આવે છે તેમજ ફરીયાદી સાહેદ નં.૧ ની મુદત તા.૨૫/૦૩/૨૦૨૬ ની રાખવામાં આવે છે, તેમજ અન્ય સાહેદો માટે કેલેન્ડર મુજબ તા.૦૧/૦૪/૨૦૨૬, તા.૧૦/૦૪/૨૦૨૬ તા.૨૨/૦૪/૨૦૨૬, તા.૨૪/૦૪/૨૦૨૬, તા.૨૯/૦૪/૨૦૨૬, તા.૦૧/૦૫/૨૦૨૬, તા.૦૬/૦૫/૨૦૨૬ અને તા.૦૮/૦૫/૨૦૨૬ ની તારીખો મુકરર કરવામાં આવે છે અને તે રીતે આરોપી તરફે વિ.વ.સુ.શ્રી. એન.આઈ.ઘરીયાએ જે વાર કલેન્ડરમાં જણાવ્યા તે રીતે ગોઠવવામાં આવે છે, હાલ મુદત તારીખ હવેની તા.૧૦/૦૩/૨૦૨૬ રાખવામાં આવે છે અને ત્યારબાદ ઉપરોકત કેલેન્ડર મુજબ મુકરર કરવામાં આવે છે. અત્રેના સુપ્રીન્ટેન્ડન્ટશ્રીએ પ્રોસીડીગમાં ઉપરોકત મુદતોએ જે જે સાહેદો છે તેના નંબર દર્શાવીને સાહેદ સમન્સો કાઢવા અને આરોપીના વિ.વકીલશ્રીને અને વિ.એ.પી.પી.શ્રીને સુનવણી દરમ્યાન જ સાહેદ નંબર જે ઉપરોકત તારીખે સમન્સથી બોલાવવાના છે તેના નંબરો આપેલ છે અને પ્રોસીડીગમાં તમામ તારીખો દર્શાવવી.

હુકમ આજરોજ તા.૨૩ માહે ફેબ્રુઆરી સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૨/૨૦૨૬
ભરૂચ.

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડીશ્નલ સેસન્સ
અને સ્પે. પોકસો જજ, ભરૂચ.

(U.I.CODE-GJ00659)